# ડો. વિજય કેળકરને નેશનલ બલ્ક હેન્ડલિંગ કોર્પોરેશનના ચેરમેન નિયુક્ત કરાયા

## બોર્ડની પુનઃરચના નવી માલિકી અને મજબૂત કોર્પોરેટ શાસન ધોરણો પ્રદર્શિત કરે છે

ઓગસ્ટ, 2014- ભારતની સૌથી વિશાળ ખાનગી એગ્રી- વેરહાઉસિંગ પ્રદાતા નેશનલ બલ્ક હેન્ડલિંગ કોર્પોરેશન (એનબીએચસી) દ્વારા નામાંકિત હસ્તી અને પદ્મવિભૂષણ વિજેતા ડો. વિજય કેળકરની સ્વતંત્ર ડાયરેક્ટર અને ચેરમેન તરીકે નિયુક્તિ કરીને તેના બોર્ડને વધુ મજબૂતી આપવામાં આવી છે. પ્રતિષ્ઠિત અર્થશાસ્ત્રી અને નાણાં મંત્રાલયની આર્થિક બાબતોના માજી સલાહકાર ડો. અજય એન. શાહને પણ આ સાથે સ્વતંત્ર ડાયરેક્ટર નિયુક્ત કરાયા છે.

ખાનગી ઈક્વિટી પેઢી ઈન્ડિયા વેલ્યુ ફંડ એડવાઈઝર્સ દ્વારા કંપનીના વ્યવસ્થાપનનું નિયંત્રણ હસ્તક લેવાયું તેને પગલે આ નવી નિયુક્તિઓ આવી પડી છે.

આ નિયુક્તિઓ વિશે બોલતાં કંપનીના મેનેજિંગ ડાયરેક્ટર અને સીઈઓ શ્રી અનિલ ચૌધરીએ જણાવ્યું હતું કે અમારા બોર્ડમાં બે પ્રતિષ્ઠિત વ્યાવસાયિકોની નિયુક્તિનું અમે સ્વાગત કરીએ છીએ. આ નિયુક્તિઓ નોંધનીય રીતે અમારા બોર્ડની પહોંચ અને ઊંડાણને વધુ મજબૂત બનાવશે અને એનબીએચસી સાથે સંપૂર્ણ કૃષિ- પુરવઠા શૃંખલામાં પણ આત્મવિશ્વાસ ઓર બુલંદ કરશે. તેમનો એકત્રિત અનુભવ કંપનીને એગ્રી- વેરહાઉસિંગ ઉદ્યોગની સંભાવનાનો લાભ લેવામાં મદદરૂપ થશે.